ગાંધીનગર સમાચાર

**શહેરનું એસ.ટી. ડેપો સાંજ ઢળતાં જ અંધકારમાં ગરકાવ**

# સેકટર-૫માં માર્કેટીંગ મેનેજરનું શંકાસ્પદ મોત

**સે-૫માં રહેતા માર્કેટીંગ મેનેજર રાત્રે નોકરી કરીને સવારે ઘરે આવ્યા બાદ સુઈ ગયા, બહેને બપોરે જમવા ઉઠાડવા પ્રયત્ન કર્યો પરંતુ બેડ પર મૃત હાલતમાં હતા : પોલીસ તપાસ શરૂ**

ગાંધીનગર, તા.૨૫

અમદાવાદ સ્થિત ઑડી કંપનીના શૉ રુમમાં માર્કેટીંગ તરીકે નોકરી કરતા અને શહેરના સેકટર-૫/એ ખાતે રહેતા ૨૮ વર્ષીય યુવાનનું શંકાસ્પદ મૃત્યુ થવા પામ્યું છે. ગઈ રાત્રે નોકરી પતાવીને સવારે ઘરે આવ્યા બાદ સુઈ ગયેલા મેનેજરને બપોરે તેમની બહેને જમવાનું પીરસીને ઉઠાડવા ગઈ તો બેડ પર મૃત હાલતમાં હોવાનું ધ્યાને આવતા પગ તળેથી જમીન સરકી ગઈ હતી. નોકરીએ ગયેલા માતા-પિતા તથા પરિવારજનો તાત્કાલિક આવી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવવા સેકટર-૭ પોલીસે તજવીજ શરુ કરી છે.

શહેરના સેકટર-૫/એ પ્લોટ નં. ૧૩૫૯/૨ ખાતે રહેતા ૨૮ વર્ષીય યુવાન મનીષ નંદકિશોર જયસ્વાલ અમદાવાદ સ્થિત ઑડી શૉ રુમમાં માર્કેટીંગ મેનેજર તરીકે નોકરી કરતાં હતા. તેમના પિતા બૅન્ક ઑફ ઈન્ડિયા સાબરમતી ખાતે ઓફિસર છે. જયારે માતા સોલા સિવિલ હોસ્પિટલમાં લેબ ટેકનિશિયન તરીકે નોકરી કરે છે. ગઈ રાતની નોકરી પતાવ્યા બાદ મનીષ જયસ્વાલ સવારે આઠેક વાગ્યાના અરસામાં ઘરે આવ્યા હતા. તેમની પત્ની પિયર છે. માતા-પિતા નોકરીએ જવા તૈયાર થઈ રહ્યા હતા ત્યારે 'ગુડ મોર્નિંગ...' કહીને મનીષ જયસ્વાલ પોતાના રુમમાં ગયા અને સુઈ ગયા હતાં. બપોરે જમવાનો સમય થતા તેમની બહેને ભાઈને જમવા ઉઠાડવા પ્રયત્ન કર્યો અને ઉઠાડવા છતાં ભાઈ ઊભા જ ન થયા. બેડ પર મૃત હાલતમાં હોવાનું ધ્યાને આવતા બહેન પણ રીતસર સુન્ન થઈ ગઈ હતી. ઘટના અંગે માતા-પિતા તથા પરિવારજનોને જાણ કરાતા તાત્કાલિક ઘરે આવી ગયા હતા. મૃત્યુ કેવી રીતે થયું તે હજુ રહસ્મય છે. જો કે શંકાસ્પદ મોત અંગે સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃત્યુનું કારણ લાવવા તજવીજ શરુ કરી હતી.

## @ગાંધીનગર

● નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી-નિફ્ટ કોલેજના કેમ્પસમાં તાનારીરી ઓડિટોરિયમ હોલ ખાતે સાંજે ૬.૦૦ કલાકે પદવીદાન સમારોહ યોજાશે.

● ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સવારે ૮ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાશે.

## બોરીજની પરિણિતાનો ઝેરી દવા પી લઈ આપઘાત

ગાંધીનગર નજીક આવેલા બોરીજ ગામમાં રહેતી ૨૩ વર્ષીય પરિણિતા રાધા ગુણવંતજી રાણા એ કોઈ અગમ્ય કારણોસર આજે બપોરના અરસામાં ઘરે જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘઉંમાં નાંખવાની દવા પી લેતા રાધા રાણાને શરીરમાં બળતરા શરુ થતા તરફડીયા મારી રહી હતી. જેને પગલે પરિવારજનોને દવા પીધી હોવાની જાણ થતાં તાત્કાલિક હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાઈ હતી જો કે ત્રણેક કલાકમાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. લગ્નનો ગાળો ઓછો હોવાથી આ ઘટના અંગે ગાંધીનગર ડીવીઝનના ડી.વાય.એસ.પી.એ તપાસ સંભાળી છે સેકટર-૨૧ પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો દાખલ થવા પામ્યો છો.

## રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સનું સતત બીજા વર્ષે સો ટકા પરિણામ

### ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં ૧૦૦ ટકા પરિણામ



Pethani Harsh R.
(E.M)
PR - 95.76



Khambhala Vishwa V.
(E.M)
PR - 94.93



Brinner Jasu A.
(E.M)
PR - 92.22



Dave Jeet G.
(G.M)
PR - 95.03



Khant Dinesh R.
(G.M)
PR - 90.87



Baria Piyush P.
(G.M)
PR - 89.19

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. જેમાં ખ-રોડ પરના સરગાસણ ચાર રસ્તા નજીકના વિસ્તારમાં પ્રમુખનગર પાછળ આવેલ રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી જવલંત સફળતા હાંસલ કરી છે. આ શાળાએ ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં સતત બીજા વર્ષે ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરી સમગ્ર શહેરમાં તેના નામનો ડંકો વગાડ્યો છે.

છેલ્લા ૨ વર્ષથી રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓ એસએસસી બોર્ડની પરીક્ષામાં પ્રતિભાશાળી દેખાવ કરી રહ્યા છે. શાળામાં શિક્ષણની ગુણવત્તા કેટલા ઉચ્ચ સ્તરની છે તે પરિણામ દર્શાવે છે. જેના કારણે સતત ૨ વર્ષથી શાળાનું બોર્ડનું પરીક્ષાનું રીઝલ્ટ ૧૦૦ ટકા આવી રહ્યું છે. માર્ચ-૨૦૧૬માં લેવાયેલ બોર્ડની પરીક્ષામાં શાળાના બંને માધ્યમના તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં બે વર્ષથી ૧૦૦ ટકા પરિણામ એ ઝળહળતી સિદ્ધિ મેળવી વિદ્યાર્થીઓએ શાળાનું નામ રોશન કર્યું છે.

રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના અંગ્રેજી માધ્યમમાં હર્ષ પેથાણીએ ૯૫.૭૮ પર્સન્ટાઈલ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્યારે વિશ્વા ખંભાલાએ ૯૪.૯૩ પર્સન્ટાઈલ સાથે દ્વિતિય અને જસુ બ્રિન્નરે ૯૨.૨૨ પર્સન્ટાઈલ સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સાથે ગુજરાતી માધ્યમમમાં જીત દવેએ ૯૫.૦૩ પર્સન્ટાઈલ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્યારે દિનેશ ખાંટે ૯૦.૮૭ પર્સન્ટાઈલ સાથે દ્વિતિય સ્થાન અને પિયુષ બારિયા ૮૯.૧૯ પર્સન્ટાઈલ સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તમામ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ સાથે શાળાનું નામ રોશન કર્યુ છે. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## આજે ચીનુ મોદીના અ-મૃત મુક્તકોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સંગીત નૃત્ય નાટક અકાદમી દ્વારા કવિ ચીનુ મોદીના 'અ-મૃત મુક્તકો'નો સંચય ગ્રંથ તા. ૨૬મી મે ગુરૂવારે સાંજે ૬.૦૦ કલાકે રવિશંકર રાવળ કલાભવનના સંસ્કૃતિ હોલ ખાતે પ્રગટ કરાશે. આ પ્રસંગે ડૉ. ફિરદોસ દેૈયા દ્વારા પોતાના વાદકવૃંદ સાથે સૂફી શૈલીમાં રૂ-બાઈઓનો કાર્યક્રમ પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ચરેમેન યોગેશ ગઢવી ઉપસ્થિત રહી કવિ ચીનુ મોદીના 'અ-મૃત મુક્તકો' સંચયનું લોકાર્પણ કરશે.

## વાદળોએ વરસાદી વાતાવરણનો આભાસ ઉભો કર્યો

**પવન અને વાદળોના કારણે ગરમીમાં ઘટાડો**

ગાંધીનગર, તા.૨૫

ગયા અઠવાડિયે શહેરમાં પડેલી ભીષણ ગરમી બાદ છેલ્લા ત્રણ-ચાર દિવસોથી ગરમી ઘટી છે. આજે વહેલી સવારે આકાશમાં વારંવાર ઘેરાઈ આવતા વાદળોએ ચોમાસાનો આભાસ ઊભો કર્યો હતો. મે માસના બીજા પખવાડિયામાં ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાત અને કચ્છમાં ભીષણ ગરમી અનુભવાઈ હતી. એક તબક્કે તો મહત્તમ તાપમાન ૪૮ ડિગ્રી સુધી પહોંચી જતા આખું શહેર જાણે અગનભઠ્ઠીમાં ફેરવાઈ ગયું હતું. છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં પલ્ટી આવતો જાય છે. તેજ ગતિથી ફૂંકાતા પવનને કારણે વાતાવરણમાં ઠંડક થવા લાગી હતી. આજે વહેલી સવારથી તો આકાશમાં વાદળોની અવરજવર વધી ગઈ હતી. વારંવાર ઘેરાઈ આવતાં વાદળોના કારણે એક તબક્કે તો એવું લાગતું હતું કે હમણાં વરસાદ પડશે. અદ્દલ વરસાદી વાતાવરણ હોય તેવો માહોલ જામ્યો હતો. વાદળોની સતત અવરજવરના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જો કે બપોર બાદ વાદળો ઓછા થતાં ગરમી વધી હતી. લૂની અસર પણ થોડોક સમય અનુભવાઈ હતી. વાદળોના ઘેરાવા વચ્ચે આજે મહત્તમ તાપમાન ૪૧ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૩૦ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૬ ટકા અને સાંજે ૩૧ ટકા રહ્યું હતું.

## રવિવારે બયતુલમાલ ગાંધીનગરની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૨૫

બયતુલમાલ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૯મી મે ને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સેક્ટર-૨૧ સ્થિત જુમ્મા મસ્જિદ ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સામાન્ય સભામાં સંસ્થાના તમામ આજીવન સભ્યોને હાજર રહેવા ઓનરરી જનરલ સેક્રેટરી શાહ જહાંન પઠાણે અનુરોધ કર્યો છે.



## અડાલજથી સવારે ડમ્પર ચોરાયુ, બપોરે મળી ગયું...!

ખોડીયાર ટ્રેડર્સનાં હરિશ્ચંદ્રસિંહ સોલંકીએ પોતાનું ડમ્પર નં. જીજે.૧૮ એયુ.૯૪૨૭ અડાલજ બાલાપીર ચોકડી નજીક ગેરેજમાં મૂકયું હતું. વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં આ ડમ્પરને એક અજાણ્યો શખ્સ ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કરીને ચોરી કરી પલાયન થઈ ગયો હતો. સવારે ડમ્પર ચોરી કર્યું હતું અને બપોરે એક વાગ્યે અમદાવાદથી બિનવારસી હાલતમાં ડમ્પર મળી ગયું હતું. બિનવારસી હાલતમાં ડમ્પર મળી ગયું હતું. હરિશ્ચંદ્રસિંહનો અમદાવાદ રહેતો કારીગર મીરા સિનેમા પાસે પડેલી આ ડમ્પર જોઈ ગયો અને ફોન કરી જાણ કરતા માલિક પહોંચી ગયા હતા અને ડમ્પર પરત લઈ આવ્યા હતા. જો કે ચોર મળી આવ્યો ન હતો. મુસ્લિમ યુવાનના પહેરવેશમાં ડમ્પર ચોર સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. અડાલજ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધાવા પામી.

## અંધમંડળ દ્વારા બીજી જૂને સેક્ટર-૧૬ અંધશાળામાં સાધારણ સભા

ગાંધીનગર, તા. ૨૫

સેક્ટર-૧૬ સ્થિત અંધશાળા ખાતે આગામી તા. ૨ જૂનને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મંડળની સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં મંડળના તમામ સભ્યોએ હાજર રહેવા અંગેની જાણ કાર્યાલય નં. ૦૭૯-૨૩૨૩૮૬ અથવા મો. નં. ૯૮૨૪૦-૩૦૨૯૦ ઉપર તા. ૨૭મી મે સુધીમાં સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે. જાણ કર્યા વિના આવનાર સભ્યને અગવડ પડે તો તેની જવાબદારી મંડળની રહેશે નહી. આ સાધારણ સભામાં ઉપસ્થિત રહેનાર સભ્યોને તા. ૧ જૂનને બુધવારની સાંજના ૪.૦૦ કલાકેથી લઈને તા. ૨ જૂનને ગુરૂવારના બપોરે ૧.૦૦ કલાક સુધી રહેવા તથા જમવાની સગવડ અંધશાળા સે. ૧૬ ખાતે કરવામાં આવી છે. જો સભ્ય સાથે એકથી વધુ સહાયક હશે તો સભ્ય પાસેથી સહાયક દીઠ સો રૂપિયા વસુલ કરવામાં આવશે. આ સાધારણ સભામાં મંડળના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા રહેમાન એમ. અંસારીએ અનુરોધ કર્યો છે.

## શ્રમિકો માટે રેનબસેરા બનાવવા જાગૃત નાગરિક પરિષદની માંગ

ગાંધીનગર, તા.૨૫

વિકાસના અનેકવિધ આયામો વચ્ચે હાઈટેક બનતા ગાંધીનગરમાં માળખા બંધ સુવિધાના કામો પણ પૂર જોશમાં ચાલી રહ્યા છે. ત્યારે શહેરમાં શ્રમિક વર્ગનો વસવાટ પણ વિશેષ પ્રમાણમાં છે. આવા સંજોગોમાં દાયકાઓના અંતે પણ શ્રમજીવીઓ માટે રેનબસેરાની વ્યવસ્થા ઉભી થઈ શકી નથી. નગરના જાગૃત નાગરિકો દ્વારા રેનબસેરાની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રબળ માંગ કરવામાં આવી છે.

જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ આ અંગે જણાવ્યા અનુસાર શહેરમાં માળખાગત સુવિધાના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જેના પરિણામે હજારોની સંખ્યામાં શ્રમિકો વસવાટ કરે છે. પરંતુ શ્રમિકોના રહેણાંક માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના લીધે નગરની ફૂટપાથ આસપાસનો વિસ્તાર, ખુલ્લી જગ્યાઓમાં ઝુંપડા વસાહતો અસ્તિત્વમાં આવ્યા છે. આ ઠેકાણે પાણી અને શૌચાલયની વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી જેના પરિણામે ગંદકીની સમસ્યા પણ હઠીલી બની છે. દેશના અન્ય મોટા શહેરોમાં આ સ્થિતિ નિવારવા રેનબસેરા નિર્માણ કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાંપણ તાત્કાલિક અસરથી રેનબસેરા બાંધવામાં આવે તે અત્યંત અનિવાર્ય બન્યું છે.

# શહેરનું એસ.ટી. ડેપો સાંજ ઢળતાં જ અંધકારમાં ગરકાવ

### ડેપોમાં આવેલ લાઈટો બંધ રહેતા મુસાફરોને હાલાકી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની મધ્યમાં આવેલ એસટી ડેપો સાંજ ઢળતાં જ અંધકારમાં ગરકાવ થઈ જાય છે. ડેપોમાં છેલ્લા ઘણા સમયથી લાઈટો ડુલ હોવાથી આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. મુસાફરોને રાત્રીના સમયે ભારે હાલાકી ભોગવવી પડે છે. લાઈટો બંધ રહેતી હોવાથી ચોરી થવાનો ભય પણ મુસાફરોને સતાવી રહ્યો છે. અસામાજીક તત્વો પણ અંધકારને લઈ ડેપોને પોતાનો અડીંગો બનાવી દે છે ત્યારે ડેપોની બંધ પડેલી લાઈટો ઝડપી ચાલુ થાય તેવું મુસાફરો ઈચ્છી રહ્યા છે.





ગાંધીનગર શહેર સાંજ ઢળતાં જ રોશની થી ઝળહળી ઉઠે છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર એલઈડી લાઈટોનું અજવાળુ પથરાયેલું રહે છે.રાત્રીના સમયે પણ દિવસ જેવો માહોલ સર્જાય છે. ત્યારે ઝગમગતા શહેરની મધ્યમાં આવેલ એસટી ડેપોમાં જ અંધકાર છવાયેલો જોવા મળ્યો છે. છેલ્લા ઘણા સમયથી લાઈટના વિજ પોલમાં આંતરિક ખામી સર્જાતા લાઈટો બંધ હાલતમાં છે. રાત દિવસ સતત મુસાફરોથી ધમધમતા ડેપોમાં લાઈટના હોવાથી મુસાફરોની હાલત કફોડી બની જવા પામે છે. ત્યારે રાત્રીના સમયે મહિલા મુસાફરોને વિશેષ ડરનો સામનો કરવો પડે છે. અંધારાને પગલે મુસાફરોને ખીસાકાતરુઓનો તેમજ અસામાજીક તત્વોનો ભય સતાવી રહ્યો છે. મોડી રાત્રે ગાંધીનગર આવી પહોંચેલા અને રાત્રીના સમયે ગાંધીનગર ડેપોમાથી જે તે સ્થળે જવા માટેની બસની વ્યવસ્થા ના હોવાથી મોટીમાત્રામાં મુસાફરો રાત્રી રોકાણ પણ કરતા હોય છે તેવી પરિસ્થિતિમાં ઘોર અંધારાને લઈ મુસાફરો ડર અનુભવી રહ્યા છે. રાત્રીના સમયે અસામાજીક તત્વો પણ પોતાનો અડીંગો જમાવતા નજરે પડે છે. મુસાફરોની સલામતી ઝોખમાય તેવી સ્થિતિનું નિમાર્ણ થયું છે. ત્યારે બંધ પડેલી લાઈટો ઝડપી શરુ કરવામાં આવે તેવી માંગ મુસાફરો દ્વારા કરવામાં આવી રહી છે. સાંજ ઢળતાં જ અંધકારમાં ગરકાવ થઈ જતું શહેરનું એસટી ડેપો ફરીથી ઝળકી ઉઠે તેવુ નાગરીકો પણ ઈચ્છી રહ્યા છે.



## ગિરીશ રાવલ કોલેજ ઓફ સાયન્સ ખાતે અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ઓનલાઈન પ્રક્રિયા દ્વારા પ્રવેશ આપવાનું નક્કી કરાયું છે. જેને લઈ વિદ્યાર્થીઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના અને કોલેજ તેમજ વિષયોની પસંદગી કરવાની રહેશે. ત્યારે ઓનલાઈન પ્રવેસ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ તથા તેઓની સમસ્યાઓના નિરાકરણ અને માહિતી મળી રહે તે અંગે વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા સમજાવતો અવેરનેસ (જાગૃતતા) કાર્યક્રમ ગિરીશભાઈ રાવલ કોલેજ ઓફ સાયન્સ ચિલોડા ખાતે યોજાયો હતો. જેમાં સંસ્થાના પ્રિન્સીપાલ ડૉ. ધર્મેન્દ્રભાઈ એન. વ્યાસે ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને બીએસસીમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંગે સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## વાતવાતમાં

● વહેલી સવારથી જ વાતાવરણમાં વાદળો ઉમટી પડ્યા હતા અને એક તબક્કે તો એવુ ઘટાટોપ આકાશ ઘેરાયું હતું કે જાણે હમણા જ વરસાદ તુટી પડશે. જો કે વરસાદ આવવાની નગરજનોની આશા ઠગારી નિવડી હતી. પરંતુ આખો દિવસ વાતાવરણ વાદળછાયુ રહેવા પામતા ગરમીમાં રાહત જણાઈ હતી.

● આ સપ્તાહમાં શહેરમાં સૌથી ઊંચુ તાપમાન ૪૮ ડિગ્રી સુધી જોવાયું હતું અને ૪૦ ડિગ્રીની આસપાસ પણ મહત્તમ તાપમાન નોંધાયુ છે. આમ એક જ સપ્તાહમાં લગભગ ૭ થી ૮ ડિગ્રી તાપમાનનો તફાવત જોવા મળ્યો છે.

● શહેરના ગ-૩ સર્કલ પર ઘણા સમયથી રેલીંગ તુટી જવા ઉપરાંત સર્કલમાં ઘણુ બધુ સમારકામ જરૂરી જણાતુ હતુ. હાલ આ તંત્રએ આ સર્કલનું સમારકામ હાથ ધરાયુ હોવાથી તેથી શહેરના અન્ય દુર્દશાયુક્ત સર્કલોના પણ સમારકામ કરાશે તેવી આશા બંધાઈ છે.

## આજે ચીનુ મોદીના અ-મૃત મુક્તકોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સંગીત નૃત્ય નાટક અકાદમી દ્વારા કવિ ચીનુ મોદીના 'અ-મૃત મુક્તકો'નો સંચય ગ્રંથ તા. ૨૬મી મે ગુરૂવારે સાંજે ૬.૦૦ કલાકે રવિશંકર રાવળ કલાભવનના સંસ્કૃતિ હોલ ખાતે પ્રગટ કરાશે. આ પ્રસંગે ડૉ. ફિરદોસ દેૈયા દ્વારા પોતાના વાદકવૃંદ સાથે સૂફી શૈલીમાં રૂ-બાઈઓનો કાર્યક્રમ પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ચરેમેન યોગેશ ગઢવી ઉપસ્થિત રહી કવિ ચીનુ મોદીના 'અ-મૃત મુક્તકો' સંચયનું લોકાર્પણ કરશે.

## ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજના વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડા અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજના વિદ્યાર્થીઓના વાલી-વારસદારોને સમાજના રાહતદરના ચોપડાઓનું વિતરણ કરવા આયોજન કરાયું છે. રાહત ભાવના ચોપડા સમાજના ગામોના જે તે નિયત કેન્દ્રો ઉપર તા. ૭મી જૂન સુધીમાં પહોચશે. સમાજના જે વિદ્યાર્થીઓ રાહતદરના ચોપડા મેળવવા ઈચ્છતા હોય તેઓએ માર્કશીટની ઝેરોક્ષ લઈ કેન્દ્ર ઉપર હાજર રહેવા સમાજના મહામંત્રી કાન્તીલાલ ગુર્જરે જણાવ્યું છે.

## પતંજલિ યોગ સમિતિ દ્વારા યોગ-શિક્ષકના નિ:શુલ્ક તાલીમ વર્ગ

૨૧મી જૂને યોગદિન નિમિત્તે પતંજલિ યોગ સમિતિના જિલ્લા પ્રભારી કાનજીભાઈ બાવરીના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે ૨૧મી જૂન યોગ-દિવસ તરીકે ઉજવણી કરવા માટે જે કોઈ કોલેજ, શાળા તેમજ સંસ્થાઓના પ્રતિનિધિને યોગ શિક્ષકની નિ:શુલ્ક તાલીમ જોઈએ તો આપવામાં આવશે. તેમજ જે શાળા, કોલેજ અને સંસ્થાને યોગ શિક્ષકની જરૂરિયાત હોય તો પોતાની સંસ્થા, શાળા તથા કોલેજનો ટેલીફોન નંબર, નામ અને સરનામુ સરોજબેન ઠુમ્મર મો. નં. ૯૯૨૪૧-૪૪૭૪૭ અને જીતેન્દ્ર મહેતા મો. નં. ૯૮૨૪૦-૧૯૬૮૪ ઉપર સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવવા જણાવાયુંછે.

## ચિરવિદાય

● સ્વ. ચંદુલાલ શંભુદાસ રાવલ, ઉ.વ.૮૬

● સ્વ. રાધાબેન ગુણવંતભાઈ મકવાણા, ઉ.વ.૨૩